# વિધિ પક્ષ ગચ્છીય નવ સ્મરણો

– પ્રો. હીરાલાલ ર. કાપડીઆ M. A.

[ 'સ્મરણ : સંજ્ઞા, સંખ્યા ઈત્યાદિ' નામનો મારો લેખ 'આત્માનંદ પ્રકાશ' (પુ. ૪૭, અંક ૯) માં પ્રસિદ્ધ થયાને ૨૬ વર્ષ વીતી ગયાં. આજે એક રીતે એ જ વિષયનો ભક્તિ સાહિત્ય અંગેનો આ લેખ લખવા હું પ્રવૃત્ત થયો છું. મૂર્તિપૂજક શ્વેતાંબરોના વિવિધ ગચ્છોમાંથી આજે તો ચાર જ ગચ્છ વિદ્યમાન છે. (૧) ખરતર (૨) વિધિ પક્ષ યાને અંચલ (૩) તપા (૪) પાર્શ્વચંદ્ર (પાયચંદ્ર). આ પૈકી ખરતર અને તપા ગચ્છનાં સ્મરણો વિષે કેટલુંક મેં ઉપર્યુક્ત લેખમાં લખ્યું, ત્યારે વિધિ પક્ષ અને પાર્શ્વચંદ્ર ગચ્છ વિષે યથાયોગ્ય પુસ્તકોના અભાવે લખ્યું ન હતું. અદ્યાપિ પાર્શ્વચંદ્ર ગચ્છના શ્રાવકોના પ્રતિક્રમણોમાં સૂત્રો જેવું પણ પુસ્તક મારા જોવામાં આવ્યું નથી. એ ગચ્છની પણ સ્મરણોને લગતી કોઇ કૃતિ છે કે નહિ, તે પણ જાણવામાં નથી.

'જિન રત્ન કોશ' (વિ. ૧, પૃ. ૨૦૯) માં 'નવ સ્મરણ' નામની એક કૃતિની નોંધ છે. એના પર 'અભય દેવ' નામની કોઈ વ્યક્તિની વૃત્તિ છે. એ બન્ને પૈકી પ્રથમની હાથપોથી લીંબડી અને સુરતના ભંડારમાં છે અને બીજી પંજાબમાં. મૂળ અને વૃત્તિ પૈકી એકે વિષે મને વિશેષ માહિતી નથી. આ અંગે કોઇ સાક્ષર સહૃદય આ દિશામાં પ્રકાશ પાડે, તેવી મારી સાદર વિજ્ઞપ્તિ છે. — કર્તા ]

## સ્મરણો

તપાગચ્છીય નવ સ્મરણો નીચે પ્રમાણે છે :

૧. નવકાર ૨. ઉવસગ્ગહર ૩. સંતિકર (મુનિ સુંદરસૂરિ કૃત) ૪. તિજય પહુત્ત (માનદેવસૂરિ કૃત ?) ૫. નમિઉણ (માનતુંગસૂરિ કૃત) ૬. અજિયસંતિ (નંદીષેણ કૃત) ૭. ભક્તામર (માનતુંગસૂરિ કૃત) ૮. કલ્યાણ મંદિર (સિદ્ધસેન દિવાકર કૃત) ૯. બૃહચ્છાન્તિ (વાદિવેતાલ શાંતિસૂરિ કૃત ?)

આ પૈકીના સ્મરણ ૧, ૩, ૬ અને ૯નો પ્રતિક્રમણોમાં ઉપયોગ કરાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખરતરગચ્છીઓ સાત સ્મરણો માને છે. તે આ પ્રમાણે છે :

૧. અજિયસંતિ થય (નંદીષેણ કૃત), ૨. ઉલ્લાસિક્કમ યાને લઘુ અજિયસંતિ (જિનવલ્લભસૂરિ કૃત), ૩. નમિઉણ (માનતુંગસૂરિ કૃત), ૪. તંજયઉ કિંવા સવ્વાધિકિય સરણુ (જિનદત્તસૂરિ કૃત), ૫. મયરહિય યાને ગુરુપારતંત (જિનદત્તસૂરિ કૃત) ૬. સિગ્ધમવ હરઉ કિંવા વિગ્ઘ વિનાસિ થોત્ત (જિનદત્તસૂરિ કૃત), ૭. ઉવસગ્ગહર થોત્ત.

વિધિપક્ષ ગચ્છીય નવ સ્મરણો[1] આ પ્રમાણે છે :

૧. બૃહન્નમસ્કાર, ૨. અજિયસંતિ થય (નંદીષેણ કૃત), ૩. વીર સ્તવ[2] યાને વીર સ્તોત્ર (પાદલિપ્તસૂરિ કૃત), ૪. ઉવસગ્ગહર, ૫. નમિઉણ (માનતુંગસૂરિ કૃત), ૬. જીરિકાપલ્લી પાર્શ્વ સ્તવ[3] (મેરુતુંગસૂરિ કૃત), ૭. નમુત્થુણં યાને શક્ર સ્તવ, ૮. લઘુ અજિય સંતિ સ્તવ[4] (વીરગણિ કૃત), ૯. બૃહદજિત શાંતિ સ્તવ[5] (જયશેખરસૂરિ કૃત).

આ ઉપરથી જોઈ શકાશે કે અજિયસંતિ (થય) અને ઉવસગ્ગહર (થોત્ત) તપા, ખરતર અને વિધિપક્ષ એમ ત્રણે ગચ્છોનાં સ્મરણોમાં જોવાય છે, જ્યારે નમિઉણ (થોત્ત) તપા અને વિધિપક્ષ એમ બેમાં જ છે.

## [૧] બૃહન્નમસ્કાર

આ કૃતિમાં આઠ પદ્યો છે. એમાં સમગ્ર નવકાર ગૂંથી લેવાયો છે, અને સંસ્કૃતમાં છે. એના કર્તાએ તો આ કૃતિનું નામ દર્શાવ્યું નથી. આથી આ નામ કોણે અને કયારે યોજ્યું એ જાણવું બાકી રહે છે. પ્રથમ પદ્ય જોતાં એને 'આત્મરક્ષાકર વજ્રપંજર' કહી શકાય. જિનવલ્લભસૂરિએ બૃહન્નવકાર રચ્યો છે. જ્યારે આના કર્તા કોણ અને કયારે થયા, તેની તપાસ થવી ઘટે.

આ સ્મરણને શ્રાવક શ્રી. ભીમસિંહ માણેકે વિ. સં. ૧૯૬૧ (ઈ. સ. ૧૯૭૫, માં પ્રકાશિત કરેલું પુસ્તક '**શ્રીમદ્વિધિપક્ષીય શ્રાવકના દૈવસિકાદિક પાંચે પ્રતિક્રમણ અર્થ સહિત**' (પૃ. ૩૦૩) માં 'બૃહન્નમસ્કાર' દર્શાવેલું છે. એટલે આ નામ એટલું તો પ્રાચીન ગણાય.

---

૧. આ અંચલગચ્છીય શ્રાવકોનાં પ્રતિક્રમણ સૂત્રોનો એક ભાગ છે.

૨. 'જિનરત્ન કોશ' (વિ. ૧) માં આ નામની ત્રણ કૃતિઓનો ઉલ્લેખ છે, પણ તેમાં આનો ઉલ્લેખ નથી.

૩. નામમાં કોઈક ભેદપૂર્વક આ કૃતિ અને એની વાચક પુણ્યસાગરજીએ વિ. સં. ૧૭૨૫ માં રચેલી વૃત્તિની નોંધ 'જિનરત્ન કોશ' (વિ. ૧, પૃ. ૧૪૧) માં છે.

૪. આ અપભ્રંશ કૃતિનો 'જિનરત્ન કોશ' (વિ. ૧, પૃ. ૩૩૫) માં નિર્દેશ છે.

૫. આને બદલે 'જિનરત્ન કોશ' (વિ. ૧, પૃ. ૨) માં તો જયશેખરસૂરિએ ૧૭ પદ્યોમાં સંસ્કૃત 'અજીતશાંતિલઘુસ્તવ' નો ઉલ્લેખ કરેલ છે, તે આ જ હશે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિષય :** આ સ્મરણ એક પ્રકારનું કવચ–કવચ સ્તોત્ર છે, અને એ કમલપ્રભસૂરિ કૃત 'જિનપંજર સ્તોત્ર'નું સ્મરણ કરાવે છે. તેમાં સંસારી જીવના મસ્તકે રહેલા તીર્થંકરો મસ્તકના રક્ષણકર્તા છે, એમ દર્શાવ્યું છે. સિદ્ધોના મુખને અંગેનું મુખપટ–મુખવસ્ત્ર, આચાર્યોને અંગની ઉત્તમ રક્ષા, ઉપાધ્યાયોને બન્ને હાથોનું મજબૂત આયુધ અને સાધુઓને બન્ને ચરણોમાં શુભમોચક–પગરખાં કહ્યાં છે.

**અનુવાદ :** આ સ્મરણ ઉપર સંસ્કૃતમાં કોઈ વૃત્તિ રચાઈ જણાતી નથી, પણ એનો ઈ. સ. ૧૯૦૫માં ગુજરાતી અનુવાદ થયો છે. અને તે શ્રાવક શ્રી ભીમસિંહ માણેકે બાકીનાં સ્મરણો અને ગુજરાતી અનુવાદની સાથે સાથે ઉપર્યુક્ત પુસ્તકમાં પ્રસિદ્ધ કર્યો છે.

**સંતુલન :** જિનવલ્લભસૂરિએ 'બૃહન્નમસ્કાર' રચ્યો છે, તે અદ્યાપિ મારા જોવામાં આવ્યો નથી. એટલે પ્રસ્તુત સ્મરણ સાથે એના સંતુલનનું કાર્ય હાલ તરત તો બાકી રાખવું પડે છે.

## [૨] અજિય સંતિ થય (અજિત શાંતિ સ્તવ)

આ સ્મરણમાં પદ્યોની સંખ્યામાં એકવાકયતા નથી. 'શ્રી વિધિપક્ષ (અચલ) ગચ્છીય **શ્રાવક પંચ પ્રતિક્રમણ સૂત્ર**[૧] (વિધિ સહિત)'માં ૪૬ પદ્યો[૨] છે. તેમાં શ્લોક ૪૩ થી ૪૬ તો સંસ્કૃતમાં છે. એ ખરી રીતે આ સ્મરણના નથી. વિશેષમાં ત્રણ પદ્યોનો 'પ્રક્ષિપ્ત' ગણાય છે. આ ત્રણ પદ્યોનો ક્રમાંક ૩૮, ૩૯ અને ૪૨ છે. પદ્ય ૪૦ અને ૪૧ તપાગચ્છીય 'અજિય સંતિ થય'માં નથી. અહીં એ ઉમેરીશ કે, મારા વર્ણનાત્મક સૂચિપત્ર 'Descriptive Catalogue of the Government Collections of Manuscripts' ( V ના XVIII, Part 4 ) માં પ્રસ્તુત કૃતિનાં પદ્યોની સંખ્યા ૩૯, ૪૦, ૪૨ અને ૪૪ એમ ભિન્ન ભિન્ન જોવાય છે.

વિશેષમાં, પૃ. ૩માં પદ્ય ૪૧–૪૨ છે. તે ઉપર્યુક્ત વિધિપક્ષીય પુસ્તકમાં ૪૦–૪૧ તરીકે જોવાય છે.

'પ્રબોધ ટીકા' (ભાગ ૩, પૃ. ૪૩૪)માં એવો ઉલ્લેખ છે કે, કેટલીક પ્રતિઓમાં ૪૫, ૪૬ કે ૪૮ ગાથાઓ છે. આ ગાથાઓ એમાં અપાઈ નથી. એટલે આવી પ્રતિઓમાં જે વધારાની ગાથાઓ હોય, તે અપાય, તો ક્યારે ક્યારે ગાથાઓ ઉમેરાઈ છે, તે નક્કી કરવું સુગમ બને.

---

૧. આ પુસ્તક વિ. સં. ૨૦૨૨ માં પ્રસિદ્ધ થયું છે.
૨. શ્રાવક શ્રીભીમસિંહ માણેકના ઇ. સ. ૧૯૦૫ ના પ્રકાશનમાં જે ૪૬ પદ્યો છે, તે જ આ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**છંદો :** આ સ્મરણ વિવિધ અને વિરલ છંદોમાં રચાયું છે. D. C. G. C. M. (Vol. XVIII, Part 4 )માં મેં અકારાદિ ક્રમે છંદોનાં નામો તેનાં સંસ્કૃત નામો સહિત આપ્યાં છે. આ સૂચીમાં ૪૦ પદ્યોનો ઉલ્લેખ છે. એ પૈકી પદ્ય ૧, ૨ અને ૩૫ થી ૪૦ 'ગાહા'માં છે, એમ કહ્યું છે. આ ગાહાના વિવિધ પ્રકારો પૈકી 'કાલી' (ગા. ૩૫), 'લક્ષ્મી' (ગા. ૩૮), 'શશિલેખ' (ગા. ૨, ૩૬ અને ૪૦), 'શુદ્ધા' (ગા. ૧), 'હંસી' (ગા. ૩૭ અને ૩૯) એમ પાંચ જ પ્રકારો અત્રે જોવાય છે.

આ સ્મરણને લગતા વિવિધ છંદોનાં લક્ષણો જિનપ્રભસૂરિએ વિ. સં. ૧૩૬૫માં આ કૃતિની રચેલી વૃત્તિમાં 'કવિ દપ્પણ'[૧] (કવિ દર્પણ)ને આધારે આપ્યાં છે. પ્રસ્તુત છંદોની વિગતવાર સમજણ વિ. સં. ૨૦૦૯માં પ્રકાશિત થયેલી 'પ્રબોધ ટીકા' (ભા. ૩, પૃ. ૪૭૧–૫૩૧)માં અપાઈ છે. એમાં ગાહાનાર ઉપર્યુક્ત પાંચે પ્રકારો વિષે પણ નિરુપણ છે.

**ભાષા :** આ સ્મરણના અંતનાં પદો ૪૩–૪૬ને બાજુએ રાખતાં મૂળ કૃતિ પાઇય (પ્રાકૃત)માં રચાઈ છે. એમાં કોઈ કોઈ દેસિય (દેશ્ય) શબ્દો વપરાયા છે. આ કૃતિમાંના કેટલાક શબ્દગુચ્છો આગમોમાં જોવાય છે.

**અલંકારો :** આ કૃતિ વિવિધ અલંકારોથી વિભૂષિત છે. આ અલંકારોનાં નામો એનાં ગુજરાતી લક્ષણો સહિત 'પ્રબોધ ટીકા' (ભા. ૩, પૃ. ૫૩૩–૫૪૨)માં દર્શાવાયાં છે. ઉદા૦ અનુપ્રાસ, યમક, ચિત્ર, પુનરુક્તવદ, ભાસ, ઉપમા, રૂપક, વ્યતિરેક, કાવ્યલિંગ, વિશેષોક્તિ, પરિકર, ઉદાત્ત, કાસદીપક, રત્નાવલિ, હેતુ, પરિણામ, સ્વભાવોક્તિ, ક્રમ અને મુદ્રા.

**ગુણ, રીતિ** અને **રસ** : આની સંક્ષિપ્ત નોંધ 'પ્રબોધ ટીકા' (ભા. ૩, પૃ. ૫૪૨ )માં છે.

**બંધો :** આ કૃતિ વિવિધ બંધોથી અલંકૃત છે, એમ માનીને એના નિમ્નલિખિત આઠ બંધો સચિત્ર સ્વરૂપે 'પ્રબોધ ટીકા' ( ભા. ૩, પૃ. ૫૪૩–૫૪૯ )માં રજૂ કરાયા છે.

ચતુષ્પટ (ગા. ૩), વાપિકા, દીપિકા અને મંગળ કળશ (ગા. ૪), ગુચ્છ (ગા. ૧૬), વૃક્ષ (ગા. ૧૭), ષટ્દલ કમળ (ગા. ૨૧) અને અષ્ટદલ કમળ (ગા. ૩૪).

---

૧. આ અજ્ઞાત કર્તૃક છંદ કૃતિ પર કોઇકે વૃત્તિ રચી છે. એ બંનેનું પ્રા. વેલણકરે સંપાદન કર્યું છે, અને તે A B O R I ( V ને 16-44-498, 17, 37-60 & 174-184 ) માં પ્રસિદ્ધ કરાયું છે.

૨. ઈ. સ. ૧૯૧૫ માં 'જૈન શ્રેયસ્કર મંડળ' ( મહેસાણા ) દ્વારા પ્રકાશિત 'પંચ પ્રતિક્રમણ સૂત્રાણિ' માં પૃ. ૨૬૬ ઈત્યાદિમાં 'અજય સંતિ થય' ને લગતા છંદોમાં લક્ષણો ભાવાર્થ સહિત દર્શાવાયાં છે.

૧. આ પૈકી પહેલા ચાર શબ્દાલંકાર છે, જ્યારે બાકીના ચૌદ અર્થાલંકાર છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ કૃતિને અંગે આવું કાર્ય એક મુનિશ્રીએ અમુક અંશે કર્યાનું મેં સાંભળ્યું છે, પણ તે મારા જોવામાં આવ્યું નથી. આ કૃતિ બંધોથી વિભૂષિત છે, એવો કોઈ પ્રાચીન ઉલ્લેખ પણ મારા જોવા કે જાણવામાં નથી. વિશેષમાં ઉપર જે આઠ બંધો અપાયા છે, તે એનાં લક્ષણો અનુસાર છે કે નહિ, તેની તપાસ કરવાની મને અભિલાષા થતાં, મેં આ અંગે બે લેખો લખ્યા હતા અને તે પ્રકાશિત પણ થયા છે.

મારા કેટલાક ગુજરાતી લેખોમાં આ જ વિષે ખપ પૂરતી માહિતી મેં 'હીરક સાહિત્ય વિહાર' (પૃ. ૯, ૧૦)માં આપી છે. ચક્રબંધ અને હલબંધ – આ બે બંધોમાં મેં ગુજરાતી પદ્યાત્મક રચના કરી છે અને એ છપાઈ છે. તેની પણ એમાં નોંધ છે.

**વિષય :** અજિતનાથ અને શાંતિનાથ એ બે તીર્થંકરોનાં ગુણગાન છે.

**કર્તૃત્વ :** આ સ્મરણની 'तं मोएउ अ नंदि'થી શરૂ થતી ગાથામાં 'નંદિષેણ' શબ્દ છે. તેઓ આ કૃતિના પ્રણેતા છે. 'તેઓ નેમિનાથના ગણધર નંદિષેણ છે કે શ્રેણિકના પુત્ર નંદિષેણ છે કે અન્ય કોઈ મહર્ષિ છે તે જાણી શકાતું નથી.' એમ જિનપ્રભસૂરિએ આ કૃતિની વૃત્તિ 'બોધિદીપિકા'માં[1] કહ્યું છે. આ મહત્ત્વની વૃત્તિ અદ્યાપિ અપ્રકાશિત જણાય છે, તેથી ખેદ થાય છે.

**પ્રાચીનતા :** આ સ્મરણ કે જે સ્તુતિ – સ્તોત્ર રૂપ છે, તેનો ઉલ્લેખ સંઘદાસગણિ ક્ષમાશ્રમણે કપ્પ (બૃહત્કલ્પસૂત્ર)ના લહુ ભાસ (લઘુ ભાષ્ય)ની ૫૫૪૯ મી ગાથામાં કર્યો છે, એટલે એ ક્ષમાશ્રમણની પૂર્વે રચાયાનું અનુમાનાય છે. આ સંઘદાસગણિ વસુદેવહિણ્ડીના પ્રથમ ખંડના પ્રણેતા સંઘદાસગણિ વાચકથી ભિન્ન છે, અને એમના પછી થયા છે. વિશેષમાં, તેઓ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ કરતાં પહેલાં, વિક્રમની પાંચમી સદીમાં થઇ ગયા છે. આમ આ કૃતિ ઘણી પ્રાચીન છે.

**છાયા :** અજિયસંતિની છાયા વિવિધ સ્થળેથી પ્રકાશિત થઈ છે.

**વિવરણો :** પ્રસ્તુત કૃતિ ઉપર સંસ્કૃતમાં નિમ્નલિખિત વૃત્તિઓ રચાઈ છે.

૧. બોધદીપિકા : જિનપ્રભસૂરિએ વિ. સં. ૧૩૬૫માં આની રચના કરી છે, અને ઘણી વિસ્તૃત છે. તે સત્વરે પ્રકાશિત કરાવવી જોઇએ.

૨. ટીકા : આ વર્દ્ધસૂરિની અભ્યર્થનાથી ગોવિંદાચાર્યે રચી છે. એમનો સમય જાણમાં નથી.

---

૧. કેટલાક આને 'બોધદીપિકા' કહે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. ટીકા : આની રચના ચંદ્રકીર્તિના શિષ્ય હર્ષકીર્તિએ કરી છે.
૪. ટીકા : આની રચના સમયસુંદરે કરી છે.
૫. અવચૂરી : આની રચના ગુણધરસૂરિએ કરી છે. એમના વિષે વિશેષ માહિતી મને મળી નથી.

૬–૭. અવચૂરીઓ : આના કર્તાઓનાં નામ જાણવામાં નથી.[1]

**બાલાવબોધો :** 'જૈન ગૂર્જર કવિઓ' (ભા. ૩, ખંડ ૨, પૃ. ૧૫૯૦)માં પાંચ બાલાવબોધો રચાયા. પૃષ્ઠાંકો તરીકે ૧૫૯૩, ૧૫૯૪, ૧૫૯૫, ૧૬૦૩ અને ૧૬૧૮ નો નિર્દેશ છે. (તેમાં ૧૬૦૩ નહિ, પણ ૧૬૧૩ જોઈએ.) વિક્રમની સોળમી સદીથી બાલાવબોધો રચાયા છે.

**અનુવાદો** : અજિયસંતિ (થય)ના અનુવાદો ગુજરાતીમાં પણ થયા છે. (હિંદીમાં પણ કદાચ થયા હશે.) અને કેટલાંક સ્થળોએથી પ્રસિદ્ધ પણ કરાયા છે.

**અનુકરણો :** આ કૃતિના વિષય અને છંદ એ બેમાંથી ગમે તે એકને લઈને એનાં અનુકરણો રચાયાં છે. તે હું ક્રમશઃ દર્શાવું છું.

## (અ) વિષયલક્ષી અનુકરણો

આ સ્મરણમાં અજિતનાથ અને શાંતિનાથ એ બન્ને તીર્થંકરોનો સાથે વિચાર કરાયો છે. આવું કાર્ય નિમ્નલિખિત રચનાઓમાં થયેલું છે :

(૧) અજિયસંતિ થય : આની રચના કવિ વીરગણિએ કરી છે. અને તેને અંચલગચ્છીઓએ આઠમા સ્મરણ તરીકે સ્થાન આપ્યું છે. તેને 'લઘુ અજિત શાંતિ સ્તવ' પણ કહે છે.

(૨) "લહુ અજિય સંતિ થય" (લઘુ અજિત શાંતિ સ્તવ) કિંવા ઉલ્લાસિક્કમ થોત્ત (ઉલ્લાસિક્રમ સ્તોત્ર) : ખરતર ગચ્છના જિનવલ્લભગણિએ આને ૧૭ પ્રાકૃત પદ્યોમાં રચ્યું છે. ખરતર ગચ્છમાં જે સાત સ્મરણો છે, તે પૈકી આ બીજું છે. આની હાથપોથીઓનો તેમ જ ધર્મતિલકે વિ. સં. ૧૩૨૨ માં તેની રચેલી વૃત્તિની હાથપોથીઓનો મારો આપેલો પરિચય D. C. G. C. M. (Vol. XIX 53–59) માં છપાયો છે. સમયસુંદર પાઠકે પણ આ સ્તવ પર વૃત્તિ રચી છે અને એ પ્રકાશિત છે.

---

૧. સમયસુંદર કૃત ટીકા સિવાયનાં વિવરણોની હાથપોથીઓનો મેં આપેલો પરિચય D. C. G. C. M. (Vol. XVII, Part 4–10)માં છપાયો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) અજિય સંતિ થાય : આમાં ૧૭ પ્રાકૃત પદ્યો છે. એ મંત્રગર્ભિત છે અને તેમની રચના ધર્મઘોષગણિએ કરી છે.[1] આ કૃતિ મારા જોવામાં આવી નથી, તેમ જ ધર્મઘોષગણિ વિષે મને વિશેષ માહિતી પણ નથી.

(૪) અજિત શાંતિ સ્તવ : આ ૧૭ પદ્યોની સંસ્કૃત કૃતિ વિધિપક્ષગચ્છીય જયશેખરસૂરિએ રચી છે. તેને આ ગચ્છીઓર[2] 'બૃહદજિતશાંતિ સ્તવ' નામે નવમું સ્મરણ ગણે છે.

(૫) અજિત શાંતિ સ્તવ : આની રચના સંસ્કૃતમાં તપાગચ્છીય શાંતિચંદ્રગણિએ વિ. સં. ૧૬૫૧માં કરી છે.[3]

(૬) અજિત શાંતિ સ્તવન : આની રચના ખરતર ગચ્છના જિનોદયસૂરિના દીક્ષા ગુરુ મેરુનંદન ઉપાધ્યાયે ગુજરાતીમાં વિ. સં. ૧૪૩૨ના અરસામાં કરી છે અને એ 'રત્નસમુચ્ચય' અથવા 'રામવિલાસ'માં પૃ. ૨૧૫–૨૧૯માં પ્રગટ કરાવ્યું છે.[4]

(૭) ઋષભ વીર સ્તવન : આની રચના સંસ્કૃતમાં ૩૯ પદ્યોમાં ઉપર્યુક્ત શાંતિચંદ્ર ગણિએ મૂળ કૃતિના જ છંદોમાં કરી છે. એને પ્રા. શુબ્રિંગે મૂળ કૃતિની સાથે જ સંપાદિત કર્યું છે, અને તે ઈ. સ. ૧૯૨૩માં છપાયું છે. આ સ્તવન ત્યારપછી ઈ. સ. ૧૯૩૪માં 'પ્રકરણ રત્નાકર' (ભા. ૩) માં પણ છપાયું છે.

### (આ) છંદલક્ષી અનુકરણ

સિદ્ધચક્ક થય (સિદ્ધચક્ર સ્તવ) કિંવા મંગલમાળા : આની રચના તીર્થોદ્ધારક શ્રી વિજયનેમિસૂરિના શિષ્ય સ્વ. શ્રી વિજયપદ્મસૂરિએ મૂળ કૃતિના છંદોમાં પ્રાકૃતમાં ૪૨ પદ્યોમાં કરી છે. (તેમણે જાતે જ તેની એક પ્રતિ તેમનો સ્વર્ગવાસ થયો, તે અરસામાં મને ભેટ આપી છે.) તે પ્રકાશિત છે. તેમાં અરિહંતાદિ નવ પદોને અંગે ઓછાં વધુ પદ્યો છે. ઉદા૦ મંગલાચરણરૂપ પ્રથમ પદ્ય બાદ પરમેષ્ઠીઓ માટે પાંચ પાંચ પદ્યો, દર્શન પદ માટે ત્રણ, જ્ઞાન, ચારિત્ર અને તપ એ ત્રણે પદો માટે બબ્બે પદ્યો છે. છંદોનાં નામ દર્શાવાયાં છે.

---

૧. આની નોંધ 'પ્રબોધ ટીકા' (ભા. ૩, પૃ. ૫૫૬) માં છે, પણ 'જિનરત્ન કોશ' (વિભાગ ૧) માં આનો ઉલ્લેખ જણાતો નથી.

૨. 'જિનરત્ન કોશ' (વિ. ૧, પૃ. ૨) માં પણ આને બદલે 'અજિત શાંતિ લઘુ સ્તવ' નામ છે.

૩. એજન પૃ. ૩

૪. જુઓ. 'જૈન ગૂર્જર કવિઓ' (ભા. ૧, પૃ. ૧૯)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [૩] વીરત્થય (વીર સ્તવ)

આ તૃતીય સ્મરણમાં છ પદ્યો છે, અને તે પ્રાકૃતમાં છે. પ્રથમ પદ્યનો પ્રારંભ 'જયઈનિવ'થી કરાયો છે. આ કૃતિ પર જિનપ્રભસૂરિએ ઈ. સ. ૧૩૮૦માં રચેલી વૃત્તિના[૧] આધારે કોઈકે રચેલી અવચૂરી તો છેલ્લા ચાર પદ્યો પૂરતી છે. આથી પ્રશ્ન એ ઉદ્ભવે છે કે, પહેલી બે ગાથા શું પાદલિપ્તસૂરિએ રચી નથી? અને કોઈએ એ રચી અને તેમણે કે બીજા કોઈએ આમાં દાખલ કરી દીધી? આ દિશામાં આગળ વધાય તે માટે સૌથી પ્રથમ તો આ છ પદ્યવાળા સ્મરણની પ્રાચીનતમ હાથપોથીની તપાસ થવી ઘટે.

આ સ્મરણનો વિષય મહાવીર સ્વામીનું ગુણગાન છે. તેમ છતાં તેમાં સુવર્ણસિદ્ધિ[૨] અને આકાશગામિની[૩] વિદ્યાને અનુલક્ષીને પણ વિચાર કરાયો છે, એમ અવચૂરી જે અંતિમ ચાર પદ્યો સહિત મારા સંપાદિત પુસ્તક નામે 'ચતુર્વિંશતિ પ્રબંધ'ના ગુજરાતી અનુવાદમાં છપાઈ છે, તે જોતાં જણાય છે. 'ચતુર્વિંશતિ પ્રબંધ' (મૂળ)ના સંપાદનમાં મેં છ યે પદ્યો આપ્યાં છે.

**કર્તા :** અંતિમ પદ્યમાં કર્તાએ 'પાલિત્તય' (પાદલિપ્ત) એવું પોતાનું નામ દર્શાવ્યું છે. રાજશેખરસૂરિએ વિ. સં. ૧૪૦૫માં રચેલા 'ચતુર્વિંશતિ પ્રબંધ' યાને 'પ્રબંધ કોશ'માં પાંચમા પ્રબંધરૂપે પાદલિપ્તસૂરિનો વૃત્તાંત આલેખ્યો છે, અને એ મારા ગુજરાતી અનુવાદ સહિત પ્રકાશિત છે. અત્રે એ વાત નોંધીશ કે, આ પૂર્વે પ્રભાચંદ્ર-સૂરિએ વિ. સં. ૧૩૩૪માં રચેલા 'પ્રભાવક ચરિત'માં જે ૨૨ મુનિવરોની જીવન ઝરમર રજૂ કરી છે, તેમાં પાદલિપ્તસૂરિ માટે પણ તેમ કર્યું છે. પાદલિપ્તસૂરિ સંગમસિંહના શિષ્ય વાચનાચાર્ય મંડનગણિના શિષ્ય અને સ્કંદિલસૂરિના ગુરુ થાય. કપ્પની ચૂર્ણિમાં એમને 'વાચક' કહ્યા છે. તેઓ વૈનયિકી બુદ્ધિ માટેના એક ઉદાહરણરૂપ છે.[૪]

તેમણે આ 'વીરત્થય' ઉપરાંત નિમ્નલિખિત કૃતિઓ રચી છે, તેવા ઉલ્લેખો મળે છે.

---

૧. આની એક પણ હાથપોથી ઉપલબ્ધ હોય એમ જણાતું નથી.

૨. આના જિજ્ઞાસુએ 'અનેકાર્થ રત્ન મંજૂષા' (પૃ. ૧૩૨–૧૩૩) તેમ જ 'ચતુર્વિંશતિ'નો અનુવાદ 'ગ' પરિશિષ્ટમાં જોવાં.

૩. 'જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ' (પૃ. ૨૦૬) પ્રમાણે તો આ 'વીર સ્તવ' માં આકાશ-ગામિનીનું પણ ગુપ્ત વિવરણ કરાયું છે.

૪. જુઓ. 'આવસ્સય નિજ્જુતિ' (ગા. ૯૪૪)ની હારિભદ્રીય ટીકા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાલજ્ઞાન, જોઈ[1] સકરંદગની[2] ટીકા, તરંગવઈ કહા, દેસીસદ્દકોસ, નિર્વાણકલિકા, પ્રશ્ન પ્રકાશ, રેવંતગિરિ કલ્પ, શત્રુંજય કલ્પ.

તેમણે રચેલાં કેટલાંક મૌક્તિકો 'ગાહાસત્તસઈ'માં જોવાય છે. એ એકત્રિત કરી પ્રકાશિત કરવાં ઘટે.

નાગાર્જુન યોગી એ સૂરિના ભક્ત હતા.

**સમય**: પાદલિપ્તસૂરિ પાટલીપુત્રના રાજા મુરુંડના અને હાલના સમકાલીન ગણાય છે. 'જ્ઞાનાંજલિ' (પૃ. ૨૫) માં એમના સમય તરીકે વીર સંવત ૪૬૭ની આસપાસ એવો ઉલ્લેખ છે.

**વૃત્તિ અને અવચૂરિ**: 'વીરત્થય' ઉપર જિનપ્રભસૂરિએ વિ. સં. ૧૩૮૦માં વૃત્તિ[3] રચી છે. એની કોઈ હાથપોથી મારા જોવામાં આવી નથી, જ્યારે મૂળ સહિત અવચૂરિની હાથપોથી મળે છે. તેનો પરિચય મેં D. C. G. C. M. (Vol. XIX, Part 2, Page: 184–186) માં 'સુવર્ણસિદ્ધિ ગર્ભિત મહાવીર જિન સ્તવ'ના નામથી આપ્યો છે. આ જ હાથપોથીના આધારે મેં અવચૂરિ સંપાદિત કરી હોય એમ લાગે છે.

## [૪] ઉવસગ્ગહર થોત્ત

આ થોત્ત પ્રાકૃતમાં પાંચ પદ્યોમાં રચાયેલું સ્મરણ છે. આને અંગે મેં કેટલીક વિગતો 'ઉવસગ્ગહર થોત્ત – એક અધ્યયન' નામથી લખેલા અને 'શ્રી મોહનલાલજી અર્ધ-શતાબ્દિ સ્મારક ગ્રંથ'માં પ્રસિદ્ધ થયેલા લેખમાં આપી છે. ત્યારબાદ મેં આ સ્મરણ પરત્વે ઈ. સ. ૧૯૭૧માં પ્રકાશિત 'ઉવસગ્ગહરં સ્તોત્ર સ્વાધ્યાય' નામના ઉપોદ્ઘાતમાં કેટલીક બીનાઓ રજૂ કરી છે. અહીં તો એ પૈકી આ સ્તોત્ર પાર્શ્વનાથ, પાર્શ્વયક્ષ, ધરણેંદ્ર અને પદ્માવતી દેવી એ ચાર સાથે સંબંધ ધરાવતું હોઈ ચારેને અનુલક્ષીને મેં 'પાસનાહ

---

૧. આની વૃત્તિ શિવનંદી વાચકે રચેલી વૃત્તિના નામે 'ચંદ્ર' (લેખા ?) સહિતની હાથપોથીઓમાંના ઉલ્લેખો પ્રમાણે આ સૂરિ આગમના પ્રણેતા હતા.

૨. આ પ્રાકૃત ટિપ્પણરૂપ લઘુવૃત્તિ પાદલિપ્તસૂરિએ રચ્યાનું મલયગિરિસૂરિએ 'જોઈસકરંદગ'ની તેમ જ 'સુરપણ્ણત્તિ'ની વૃત્તિમાં કહ્યું છે. જુઓ, 'જ્ઞાનાંજલિ' (પૃ. ૨૫).

૩. 'મહાવીર ગ્રંથમાળા' (વિ. સં. ૧૯૯૩) માં પ્રકાશિત 'જગત્સુંદરી પ્રયોગમાળા'માં અપાયેલો 'હેમકલ્પ' તે જ આ વૃત્તિ છે કે તેનો અંશ છે? તેમાં વ્યોમ સિદ્ધિનું નિરુપણ છે. 'જગત્સુંદરી પ્રયોગમાળા' એ પદ્યાત્મક પ્રાકૃત કૃતિ છે, અને એ યશઃકીર્તિ નામના મુનિએ વિ. સં. ૧૫૮૨ પહેલાં રચી છે. આની રૂપરેખા 'जैन साहित्य का बृहद इतिहास' (ભાગ ૫, પૃ. ૨૩૩–૨૩૪) માં આલેખાઈ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થોત્તા ' ઇત્યાદિ ચાર સ્તોત્રો સંસ્કૃત છાયા સહિત આપ્યાની વાત નોંધું છું. આ સ્મરણનો મેં ગુજરાતી પદ્યાત્મક અનુવાદ કર્યો છે, અને તે ' ઉવસગ્ગહર થોત્ત (ઉપસર્ગહર સ્તોત્ર)નો પદ્યાત્મક અનુવાદ ' એ નામથી ' આત્માનંદ પ્રકાશ ' (વ. ૭૦, અંક ૪) માં પ્રસિદ્ધ થયો છે.

**પ્રણેતા :** આ સ્મરણ નિર્યુક્તિકાર ભદ્રબાહુ સ્વામીએ રચ્યાનું મનાય છે.

**વિવરણો :** આ સ્મરણ પર પંદર વિવરણો વૈક્રમીય બારમા શતકથી કાંઈક પહેલાંથી અને ત્યારબાદના પાંચેક શતક સુધી રચાયાં છે. તેનો ઉલ્લેખ મેં ઉપર્યુક્ત ઉપોદ્ઘાતમાં કર્યો છે. જિનપ્રભસૂરિએ વિ. સં. ૧૩૬૫માં ' અર્થકલ્પલતા ' નામની વૃત્તિ રચી છે. આ વૃત્તિમાં પાર્શ્વનાથ વગેરે ચારને અનુલક્ષીને વિવરણ છે. તેનું તેમ જ સિદ્ધચંદ્રગણિ કૃત ટીકાનું અને હર્ષકીર્તિસૂરિ કૃત વૃત્તિનું મેં સંપાદન કર્યું છે, અને એ ત્રણે ' અનેકાર્થ રત્નમંજૂષા 'માં છપાયેલાં છે.

**પાદપૂર્તિ :** આ સ્મરણની પાદપૂર્તિરૂપે ૨૧ પદ્યોમાં ' મઈસુરસૂરિ (મતિસુરસૂરિ) થોત્ત ' તેજસાગરે રચ્યું છે. આને ' પ્રિયંકર નૃપ કથા 'ના પરિશિષ્ટરૂપે મેં આપ્યું છે.

**યંત્રો – મંત્રો :** ઉવ. સ્વાધ્યાયમાં આ સ્મરણનાં વિવિધ યંત્રો સમજૂતી સહિત અપાયાં છે. તેમાં ગાથા દીઠ મંત્રો પણ રજૂ કરાયા છે.

**હાથપોથીઓ :** આ સ્તોત્ર અને તેનાં કોઇ કોઈ વિવરણની હાથપોથીઓનો પરિચય મેં D. C. G. C. M. (Vol. XVII, Part 3) માં આપ્યો છે.

## [૫] નમિઉણ (ભયહર થોત્ત)

(૧) આ પ્રાકૃત સ્મરણની ગાથાઓની સંખ્યા અંગે મતભેદ છે. અંચલગચ્છીઓ પ્રમાણે તેમાં ૨૫ ગાથાઓ છે. માનતુંગસૂરિએ આ સ્તોત્ર રચ્યું છે. આ સ્તોત્ર અજ્ઞાત કર્તૃક અવચૂરિ સહિત મેં સંપાદિત કર્યું હતું, અને તે ભક્તામર–કલ્યાણ મંદિર[1]– નમિઉણ-સ્તોત્રત્રયમ્ ' નામના પુસ્તકમાં પ્રકાશિત કરાયું છે.

(૨) આ સ્તોત્રને લગતી કેટલીક બાબતો મેં ' નમિઉણ કિંવા ભયહર સ્તોત્ર '[2] નામના મારા લેખમાં દર્શાવી છે. અહીં તો તેનાં નીચે પ્રમાણેનાં વિવરણો નોંધું છું.

૧. ટીકા : આ જિનપ્રભસૂરિએ વિ સં. ૧૩૬૫માં રચી છે. એને વહેલી તકે પ્રકાશિત કરાવવી જોઈએ.

---

૧. આ પુસ્તકમાં માનતુંગસૂરિની બીજી બે કૃતિઓ – ' ભક્તામર સ્તોત્ર ' અને ' ભત્તિભર થોત્ત ' (પંચ પરમેષ્ઠિ સ્તવ) ને પણ સ્થાન અપાયું છે. સાથે સાથે, ' નમિઊણ થોત્ત ' નો મેં કરેલો અંગ્રેજી અનુવાદ પણ તેમાં છપાયો છે.

૨. આ લેખ ' જૈન ધર્મ પ્રકાશ ' (પુ. ૮૮, અંક ૧ અને ૨) માં પ્રસિદ્ધ કરાયો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨. પર્યાય ટીકા : આના કર્તાનું નામ જાણવામાં નથી.

૩. વૃત્તિ : આ અજ્ઞાત કર્તૃક છે.

૪. અવચૂરિ : આ પ્રકાશિત છે, પણ અજ્ઞાત કર્તૃક છે.

## [૬] જીરીકાપલ્લી પાર્શ્વનાથ સ્તવ

આ સ્મરણ સંસ્કૃતમાં રચાયું છે. તેમાં ૧૪ પદ્યો છે. છેલ્લાં ત્રણ પદ્યો પણ આ સ્મરણના પ્રણેતા મેરુતુંગસૂરિએ પ્રસંગોપાત રચ્યાં હતાં. એ કાળાંતરે મૂળે ૧૧ પદ્યો પછી દાખલ કરાયાં છે. આ કાર્ય કોણે કર્યું તે જાણવામાં નથી. આ સ્મરણનો પ્રારંભ 'ૐ નમો દેવદેવાય'થી કરાયો છે. તેમાં પાર્શ્વનાથને (જેમના સ્તવરૂપ આ કૃતિ છે.) હ્રીં રૂપ કહ્યા છે. આ સ્મરણમાં 'અટ્ટે મટ્ટે દુષ્ટ વિઘટ્ટે' આ પાંચ અક્ષરોને પ્રેત, પિશાચ ઇત્યાદિના નાશક કહ્યા છે. સાતમા પદ્યમાં 'ક્ષિપ ૐ સ્વાહા' એ ત્રૈલોક્ય વિજય યંત્રનો નિર્દેશ છે. દશમા પદ્યમાં કર્તાએ પાર્શ્વનાથના સ્મરણનો પ્રભાવ જાતે અનુભવ્યાનું કહ્યું છે. છઠ્ઠા પદ્યમાં કહ્યું છે કે, 'પાર્શ્વનાથ' એ ચાર અક્ષર, 'અટ્ટે મટ્ટે' એ ચાર અક્ષર અને 'દુષ્ટ વિઘટ્ટે' એ પાંચ મળીને એક વિદ્યા થાય છે, તે સર્વ કાર્યો[1] કરનારી છે.

**પ્રણેતા** : આ સ્મરણ અંચલગચ્છીય મેરુતુંગસૂરિની રચના છે. તેમના કૃતિ કલાપપૂર્વક જીવન વૃત્તાંત વિષે 'અંચલગચ્છ દિગ્દર્શન' (પૃ. ૧૯૯–૨૩૩)માં વિસ્તૃત માહિતી અપાઈ છે. અહીં તો હું થોડી જ બીનાઓ નોંધું છું. તેમનો જન્મ નરસિંહની પત્ની નાલદેવીની કુક્ષીએ વિ. સં. ૧૪૦૩માં થયો હતો. તેમણે વિ. સં. ૧૪૧૦માં મહેંદ્રપ્રભસૂરિ પાસે દીક્ષા લીધી હતી. વિ. સં. ૧૪૨૬માં તેઓ 'સૂરિ' બન્યા હતા, અને વિ. સં. ૧૪૪૫માં ગચ્છ નાયક. તેઓ વિ. સં. ૧૪૭૧માં સ્વર્ગે સિધાવ્યા હતા. તેમના અંગે કોઈ કે રચેલો 'મેરુતુંગસૂરિ રાસ' પ્રામાણિક ગણાય છે, અને એ માહિતીપ્રચૂર છે. તેમણે વ્યાકરણાદિ તેમ જ આગમો અને પુરાણોનો અભ્યાસ કર્યો હતો. કેટલાક નૃપત્તિઓને પ્રતિબોધ પમાડયો હતો, અને 'મંત્રવાદી' તરીકે નામના મેળવી હતી. 'ચક્રેશ્વરી અને પદ્માવતી એ દેવીઓ એમની પાસે આવતી' એવો ઉલ્લેખ જોવાય છે.

મેરુતુંગસૂરિએ લગભગ ૩૫ ગ્રંથો રચ્યા છે. 'સૂરિમંત્ર કલ્પ' અને 'સૂરિમંત્ર–સારોદ્ધાર' એમની જ કૃતિઓ છે.

---

૧. પ્રારંભમાં અને અંતમાં સ્વાહાપૂર્વકની આ વિદ્યાને શ્રાવક શ્રીભીમસિંહ માણેકની પ્રકાશિત કૃતિમાં "મંત્ર' કહ્યો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકા** : આ સ્મરણ પર વાચક પુણ્યસાગરે વિ. સં. ૧૭૨૫માં 'સુબોધિકા' નામની ટીકા રચી છે, પણ તે છપાવાઇ હોય, તેમ જણાતું નથી.

## [૭] નમુત્થુણં (શક્ર સ્તવ)

આ કૃતિ તપાગચ્છીઓને પણ માન્ય છે. એ વિવિધ આગમોમાં ન્યૂનાધિક પ્રમાણમાં જોવાય છે. એ પરત્વે મેં 'નમુત્થુણને અંગે' નામના લેખમાં[1] કેટલીક માહિતી આપી છે. હરિભદ્રસૂરિએ 'ચૈત્યવંદન સૂત્ર'ની વૃત્તિ રચી છે. તે 'લલિત વિસ્તરા'નામે સુપ્રસિદ્ધ છે. તેમાં 'અરિહંત'ના જે પચીસ વિશેષણો 'શક્ર સ્તવ'માં જોવાય છે, તે કયા કયા મતના પ્રતિકારરૂપ છે, એ બાબત દર્શાવાઈ છે. આની નોંધ મેં 'શ્રી હરિભદ્રસૂરિ' નામના મારા પુસ્તકમાં (પ. ૧૯૭–૧૯૯) માં લીધી છે. આ નિરૂપણ શ્રીહરિભદ્રસૂરિના એક અપૂર્વ કાર્યરૂપ છે. તેમાં મત – વાદનો નિર્દેશ છે, અને તે વિષે કેટલીક બાબતો પૃ. ૩૨૮–૩૩૫માં મેં આપી છે.

## [૮] (લહુ) અજિયસંતિ થય

કવિ વીરગણિની આ કૃતિ આઠ પદ્યો અપભ્રંશમાં અને અંત્ય પ્રાસથી અલંકૃત છે, અને તે 'લઘુ અજિત શાંતિ સ્તવ' તરીકે ઓળખાય છે. તેમાં કહ્યું છે : 'આ સ્તવ સાંવત્સરિક, પાક્ષિક અને ચાતુર્માસિક (પ્રતિક્રમણો)માં જે ભણે અને સાંભળે તેનું અશુભ જાય અને સકળ સુખ સાંપડે,' આ સ્તવના પ્રણેતા તે જ 'પ્રભાવક ચરિત્ત'માં નિર્દેશાયેલા વીરગણિ છે કે કેમ તે જાણવાનું બાકી રહે છે. આ સ્તવમાં અજિતનાથ અને શાંતિનાથ એ બે તીર્થંકરોની સંયુકત સ્તુતિ છે.

## [૯] બૃહદજિત શાંતિ સ્તવ

આ નામ ઉપર્યુકત આઠમા સ્મરણને અનુલક્ષીને રચાયું લાગે છે. તેના કર્તા જયશેખર સૂરિએ 'અજિત શાંતિ સ્તવ' નામ સોળમા પદ્યમાં દર્શાવ્યું છે. આ સ્તવમાં ૧૭ પદ્યો સંસ્કૃતમાં છે અને તે પણ ઉપર્યુકત બે તીર્થંકરોને અનુલક્ષીને રચાયેલાં છે.

**પ્રણેતા :** આ સ્તવ અંચલગચ્છીય જયશેખરસૂરિની રચના છે. તે 'સૂરિ ચક્રવર્તિ' તરીકે ઓળખાવાય છે. તેઓ મહેન્દ્રપ્રભસૂરિના ત્રણ શિષ્યો પૈકી વચલા શિષ્ય છે. મેરૂતુંગસૂરિ પણ આ ત્રણ શિષ્યોમાંના એક છે. જયશેખરસૂરિએ નાની મોટી મળીને

૧. આ લેખ 'જૈન સત્ય પ્રકાશ' (વર્ષ ૨, અંક ૧૨)માં છપાયો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પચાસેક કૃતિઓ રચી છે. તેમનાં નામ ઇત્યાદિ વિષે 'અંચલ૦ દર્શન' (પૃ. ૧૮૨–૧૮૪) માં સંક્ષિપ્ત માહિતી અપાઈ છે. 'ત્રિભુવન દીપક પ્રબંધ' નામની તેમની ગુજરાતી કૃતિ તે તેમણે જ રચેલા 'પ્રબોધ ચિંતામણિ'નું રૂપાંતર છે. તેમણે ગુજરાતીમાં વિવિધ વીનતિઓ રચી છે.[1] તેમણે વિ. સં. ૧૪૩૦ માં 'જંબુસ્વામી ફાગુ' રચ્યું છે.[2] વિશેષમાં તેમણે 'નેમિનાથ ફાગુ' નામનાં બે કાવ્યો રચ્યાં છે.[3] એકમાં ૫૭૪ કડી છે અને બીજીમાં ૪૯ કડી છે.

---

૧. ચારેક પ્રકાશિત થઈ છે. 'અર્બુદાચલ વીનતિ' (રચના વિ. સં. ૧૪૬૦) 'ગૂર્જર રાસાવલિ' (પૃ. ૭૫–૭૬) માં છપાઇ છે.

૨. 'પ્રાચીન ફાગુ સંગ્રહ' (પૃ. ૨૫–૩૦) માં જે અજ્ઞાત કર્તૃક 'જંબુસ્વામી ફાગ' (વિ. સં. ૧૪૩૦) છપાયું છે, તે જ આ છે.

૩. આ પૈકી એક 'ગૂર્જર રાસાવલિ' (પૃ. ૬૫–૭૪) માં અને બીજું 'પ્રાચીન ફાગુ સંગ્રહ' (પૃ. ૨૪૨–૧ થી ૨૪૨–૭) માં છપાયું છે.

૪. 'જૈન ગૂર્જર કવિઓ' (ભા. ૩, ખં. ૧, પૃ. ૪૨૫) માં આ જ કડીનો ક્રમાંક ૫૮ છે. આને જ મેં દોહરા કહ્યા લાગે છે. એક એક દોહરામાં બબ્બે પંક્તિઓ હોય છે. અહીં ચાર ચાર પંક્તિના પદ્યને એક ગણી ૫૭ની સંખ્યા અપાઈ છે. 'દોહરા'ને બદલે 'પંક્તિ' શબ્દ હોત તો ઠીક થાત.

अप्पाणमेव जुज्झाहि, किंते जुज्झेण बज्झओ ।
अप्पाणमेंव अप्पाणं, जइता सुहमेहए ॥
पंचेदियाणीकोहं, माणं मायं तहेव लोहंच ।
दुज्जयं चेव अप्पाणं, सव्वमप्पे जिए जियं ॥

—શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

પોતાના આત્મા સાથે યુદ્ધ કર. બાહ્ય ભૌતિકની સાથે લડવાથી શું? સ્વયં આત્મા ઉપર વિજય પ્રાપ્ત કરવાથી આત્યંતિક સુખ મળે છે. પાંચે ઈંદ્રિયો, ક્રોધ, માન, માયા અને લોભ તેમ જ દુર્જય મન અને મિથ્યાત્વ આ બધા માત્ર સ્વાત્મા પર વિજય પ્રાપ્ત કરવાથી પરાજિત થઈ જાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org